પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૯૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૧૨-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સંસદમાં સુરક્ષામાં ક્ષતિના મામલામાં લોકસભા સચિવાલયના ૮ કર્મચારીઓને સસ્પેન્ડ, સ્પીકરે તપાસના આદેશ આપ્યા

નવીદિલ્હી,

લોકસભાની કાર્યવાહી દરમિયાન સંસદની સુરક્ષા વ્યવસ્થાનો ભંગ કરનાર અને ગૃહમાં કૂદી પડનારા બે લોકોના મામલામાં લોકસભા સચિવાલયે તેના આઠ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા છે. આ સાથે જ લોકસભા અધ્યક્ષે આ મામલાની તપાસના આદેશ આપ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ તમામને લોકસભા સચિવાલય (સુરક્ષા)માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગૃહમાં હંગામો મચાવતા વિપક્ષી સાંસદોને કહ્યું કે સ્પીકરે આ મામલે તપાસના આદેશ આપ્યા છે.



લોકસભા સચિવાલયમાં કામ કરતા કર્મચારીઓના નામમાં રામપાલ, અરવિંદ, વીર દાસ, ગણેશ, અનિલ, પ્રદીપ, વિમિત અને નરેન્દ્રનો સમાવેશ થાય છે. આ તમામ કર્મચારીઓની જવાબદારી સંસદની સુરક્ષાની હતી પરંતુ તેઓ તેમાં નિષ્ફળ ગયા.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે લોકસભામાં કહ્યું કે ગઈકાલે બનેલી ઘટનાની દરેકે નિંદા કરી છે. આ ખૂબ જ કમનસીબ ઘટના છે. લોકસભા અધ્યક્ષે આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. આપણા તમામ સાંસદોએ સાવચેત રહેવાની જરૂર છે. આ રીતે સંસદમાં અરાજકતાની સ્થિતિ ઉભી કરવી યોગ્ય નથી.

તમને જણાવી દઈએ કે બુધવારે સંસદ પર ૨૦૦૧ના આતંકવાદી હુમલાની વરસી પર સુરક્ષામાં ભંગની એક મોટી ઘટના સામે આવી હતી જ્યારે લોકસભાની કાર્યવાહી દરમિયાન બે લોકો પ્રેક્ષક ગેલેરીમાંથી ગૃહની અંદર કૂદી ગયા હતા અને હુમલો કર્યો હતો. 'વાંસ'નો ઉપયોગ કરીને પીળા ધ્વજ સાથેની સંસદ. રંગીન ધુમાડો ફેલાવો. ઘટના બાદ તરત જ બંને ઝડપાઈ ગયા હતા. આ ઘટનાના થોડા સમય પછી, પીળો અને લાલ ધુમાડો બહાર કાઢતા 'વાંસ' સાથે સંસદ ભવન બહાર વિરોધ કરવા બદલ એક પુરુષ અને એક મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. ઘરમાં કૂદી પડનાર બે વ્યક્તિઓની ઓળખ સાગર શર્મા અને મનોરંજન ડી તરીકે થઈ છે. સંસદ ભવન બહારથી ધરપકડ કરાયેલા બે લોકોની ઓળખ હરિયાણાના જીંદ જિલ્લાના ગામ ઘાસો ખુર્દની રહેવાસી નીલમ (૪૨) અને લાતુર (મહારાષ્ટ્ર)ના રહેવાસી અમોલ શિંદે (૨૫) તરીકે થઈ છે.

સંસદ ભવનની સુરક્ષા વ્યવસ્થાનો ભંગ કરીને લોકસભાની કાર્યવાહી દરમિયાન ગૃહમાં કૂદી પડનાર અને બહાર સ્મોક કલર એટેક કરનાર લલિત ઝા મુખ્ય સૂત્રધાર હોવાનું જાણવા મળ્યું છે. સુરક્ષા એજન્સીઓએ અત્યાર સુધીની તપાસમાં લલિત ઝા મુખ્ય સૂત્રધાર હોવાની આશંકા વ્યક્ત કરી છે. આ ઘટના પાછળ કોઈ મોટું ષડયંત્ર હોવાનું જણાય છે. લલિત ઝા ઝડપાયા બાદ તેના કાવતરા અંગે વધુ માહિતી બહાર આવશે. તપાસ એજન્સીઓની પૂછપરછ દરમિયાન આરોપીઓએ ખુલાસો કર્યો છે કે લલિત ઝાના કહેવા પર સ્મોક કલર એટેક માટે ૧૩ ડિસેમ્બરની તારીખ નક્કી કરવામાં આવી હતી. લલિત ઝાએ તમામ આરોપીઓને ગુરુગ્રામમાં મીટિંગ માટે બોલાવ્યા હતા. લલિત ઝાએ જ કલર એટેકનો વીડિયો પોતાના મોબાઈલમાં શૂટ કરીને સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે ધરપકડ કરાયેલા ચાર આરોપીઓમાં લલિત ઝા એકમાત્ર માસ્ટરમાઈન્ડ હોવાનું બહાર આવ્યું છે. જેની સાથે તમામ આરોપીઓ સંપર્કમાં હતા. ઘટનાને અંજામ આપતા પહેલા લલિત પોતે જ ચારેય આરોપીઓના ફોન પોતાના કબજામાં લઈ ફરાર થઈ ગયો હતો.પોલીસને શંકા છે કે મોબાઈલમાં ષડયંત્ર સંબંધિત ઘણા પુરાવા હોઈ શકે છે, જેને લલિત ઝા ભૂંસી નાખવાનો પ્રયાસ કરી શકે છે.ઘટના બાદથી લલિત ઝા ફરાર છે. લલિતનું છેલ્લું લોકેશન નીમરાના પાસે હતું, તેની શોધમાં ઘણી ટીમો સતત દરોડા પાડી રહી છે. લલિત ઝા સાથે સંકળાયેલ પશ્ચિમ બંગાળ એનજીઓની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. ભંડોળની પણ તપાસ કરવામાં આવશે. લલિત ઝા આ એનજીઓના જનરલ સેક્રેટરી છે.નીલમ એ જ આરોપી છે જેણે સંસદની બહાર કલર સ્મોક છોડ્યો હતો અને તેના સાથીઓએ સંસદની અંદર કૂદી પડતાં જ નારા લગાવવાનું શરૂ કર્યું હતું. નીલમે માત્ર થોડી નહિ પણ અનેક ડિગ્રીઓ કરી છે. એટલું જ નહીં, ૪૨ વર્ષની નીલમ ખેડૂતોના આંદોલન સહિત વિવિધ આંદોલનોમાં સક્રિય રહે છે. આ સાથે તે પ્રોગ્રેસિવ યુથ ઓર્ગેનાઈઝેશનની પણ સંસ્થાપક છે. નીલમ હરિયાણાના જીંદમાં ઉચાના ગામ ઘાસો ખુર્દની રહેવાસી છે.

મનોરંજન ડી એ જ વ્યક્તિ છે જેણે પ્રેક્ષક ગેલેરીમાંથી ગૃહમાં પ્રવેશ કર્યો હતો. મનોરંજન ૩૫ વર્ષની છે અને અપરિણીત છે. તે એન્જિનિયર છે અને તેના પિતા ખેડૂત છે.

સાંસદોમાં લોકસભાની પ્રેક્ષક ગેલેરીમાંથી કૂદકો મારનાર બીજો વ્યક્તિ છે સાગર શર્મા. સાગર લખનૌના આલમબાગના રામનગર વિસ્તારમાં રહે છે. તે પોતાનું ગુજરાન ચલાવવા માટે ઈ-રિક્ષા ચલાવે છે. જ્યારે લખનૌ પોલીસે તેના ઘરે જઈને પૂછપરછ કરી તો ખબર પડી કે સાગર પણ બે વર્ષથી બેંગ્લોરમાં રહેતો હતો. એવી આશંકા છે કે સાગર અને મનોરંજન બેંગ્લોરમાં જ મળી આવશે.

## રાજ્યના ત્રણ મહાનગરોને વિકાસ કામો માટે ૪૮૩.૭૧ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો અને મહાનગરોમાં જન સુખાકારીના વધુને વધુ કામો દ્વારા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિની નવી દિશા વિકસાવી છે. મુખ્યમંત્રીએ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટનો ધ્યેય સાકાર કરવા આ હેતુસર રાજ્યના ત્રણ મહાનગરોને કુલ ૪૨૪ વિવિધ જનહિતકારી વિકાસ કામો માટે સમગ્રતયા ૪૮૩.૭૧ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આયોજનબદ્ધ શહેરી વિકાસ માટે તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતી ઉજવણીના વર્ષ-૨૦૧૦માં શરૂ કરાવેલી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ત્રણ મહાનગરોને આ રૂ. ૪૮૩.૭૧ કરોડની રકમ ફાળવી છે. તદઅનુસાર, પાટનગર ગાંધીનગરની ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-ગુડાને ભાઈજીપુરાથી ગિફ્ટસિટી તરફ જતા સિગ્નેચર બ્રિજ સુધીના રોડના કામો માટે ૨૦.૭૪ કરોડ રૂપિયાની ફાળવણીની મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગર-કોબા હાઈ-વે ને ગિફ્ટસિટી સાથે જોડતા આ મુખ્ય માર્ગની બેય તરફ વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ કાર્યરત છે. નોલેજ હબ તરીકે આ વિસ્તાર ડેવલપ કરવાની હાલની પ્રગતિ હેઠળની કામગીરી ઉપરાંત મેટ્રો રેલની ભવિષ્યની ઉપલબ્ધિને ધ્યાનમાં લઈને આ રોડના ડેવલપમેન્ટ તેમજ બ્યુટિફિકેશન હેતુસર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ખાસ કિસ્સામાં ૨૦.૭૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

આગામી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪ ગાંધીનગરમાં યોજાવાની છે ત્યારે મુખ્ય માર્ગોની બાજુમાં ફુટપાથ, લેન્ડ સ્કેપિંગ, ૩ ઓવરબ્રિજ અને ૨ અંડરપાસનું થીમ બેઈઝ્ડ પેઈન્ટિંગ અને આર્ટ વર્ક સહિતના પાંચ જેટલા આંતરમાળખાકીય વિકાસ કામો રૂ. ૩૫.૫૦ કરોડના ખર્ચે હાથ ધરવાની પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

આ કામો ઉપરાંત મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાનગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો માટેની બે દરખાસ્તો જેમાં રક્ષાશક્તિ સર્કલથી કોબા સર્કલના રોડનું બ્યુટિફિકેશન એન્ડ લેન્ડ સ્કેપિંગ અને મહાનગરપાલિકામાં સમાવાયેલા ગામોમાં નવા સિમેન્ટ કોંક્રીટ રોડ બનાવવાનો સમાવેશ થાય છે. તેના માટે પણ ૧૦.૭૦ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની મંજૂરી આપી છે.

## પોલીસે ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા

નવીદિલ્હી,

લોકસભામાં ઝંપલાવનાર બે લોકોના નામ છે સાગર શર્મા અને મનોરંજન ડી. તે જ સમયે, સંસદ ભવન બહારથી ધરપકડ કરાયેલા બે લોકોની ઓળખ નીલમ અને અમોલ શિંદે તરીકે થઈ છે. ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં, લખનૌના રહેવાસી સાગર શર્મા અને મૈસૂરના રહેવાસી ડી. મનોરંજન તેમના જૂતામાં છુપાયેલા સ્મોક કેન્સ (સ્મોક બોમ્બ) સાથે સંસદમાં પ્રવેશ્યા. તે જ સમયે, નીલમ અને અમોલ શિંદેએ સંસદની બહાર પોલીસની સામે પીળા અને લાલ ધુમાડાની છડીઓ પ્રગટાવી અને



પોલીસ તેમને રોકી શકી નહીં.

સંસદમાં રંગીન ધુમાડો ઉડાવનાર આરોપી અને તેના સહયોગીઓ ગુરુગ્રામ સેક્ટર-૭ એક્સ્ટેંશનમાં હાઉસિંગ બોર્ડના એક મકાનમાં રહેતા હતા. અહીં જ સંસદની સુરક્ષાનો ભંગ કરીને હલચલ મચાવવાની સ્ક્રિપ્ટ લખવામાં આવી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ પણ સમગ્ર મામલાનો ખુલાસો કરવા માટે દિલ્હી અને કમિશનરેટ પોલીસ સાથે હાથ મિલાવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ ચારેય આરોપીઓની શૈક્ષણિક પૃષ્ઠભૂમિ, કોઈપણ વિરોધ કે રેલી સહિતની તેમની અગાઉની ગતિવિધિઓ વિશે જાણકારી મેળવશે. તેમજ ગઈકાલની ઘટના પહેલા તે સંસદમાં ગયો હતો કે કેમ, તેની સોશિયલ મીડિયા એક્ટિવિટી અને અન્ય ઘણા મુદ્દાઓની તપાસ કરવામાં આવશે.

૨૨ વર્ષ પહેલા ૧૩ ડિસેમ્બરે દેશના સૌથી મોટા લોકશાહી મંદિર પર આતંકવાદી હુમલો થયો હતો. એક કારમાં મુસાફરી કરી રહેલા પાંચ આતંકવાદીઓ સુરક્ષાકર્મીઓને ચકમો આપીને સંસદ ભવન સંકુલમાં ઘૂસી ગયા હતા. હથિયારો અને દારૂગોળોથી સજ્જ આતંકવાદીઓએ કારમાંથી નીચે ઉતરતાની સાથે જ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જેના કારણે સંસદભવનના સુરક્ષાકર્મીઓ સહિત કુલ નવ લોકો શહીદ થયા હતા.




મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાના માજી સૈનિકોએ પડતર માંગણીને લઈ મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદન આપ્યું



સંતરામપુર,

સંતરામપુર તાલુકામાં મોટી સંખ્યામાં માજી સૈનિકો અને તેમના પરિવારો આજે મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું. માજી સૈનિકો દ્વારા પોતાની વિવિધ પ્રકારની પડતર માંગણીઓને લઈને ગુજરાત રાજ્ય માજી સૈનિક સંગઠન સંતરામપુર તાલુકાના પ્રમુખની અધ્યક્ષતામાં મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવેલું હતું. ગુજરાતના માજી સૈનિકો અને વીર નારીઓને લાગતા વિવિધ મુદ્દાઓને જેવા કે ગુજરાત સરકાર દ્વારા પરિપત્ર જાહેર કરેલ હોય જેમાં માજી સૈનિકોને ખેતી માટેની પડતર ગૌચર તેમજ જંગલ ખાતાની જમીન ફાળવવા બાબતની માંગણી લઈને બાકાત હોય જેથી સંતરામપુર તાલુકાના સૈનિકો સંગઠન દ્વારા તેમજ વીર નારીઓ જીવન અમૂલ્ય સમય દેશ માટે આપેલ હોય જેથી અમારી માંગણીઓને માંગણી અને લાગણીને ધ્યાને રાખીને સથવારે યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા આવે જેને લઈને સંતરામપુર મામલતદાર અને પ્રાંત અધિકારીને માજી સૈનિકો અને તેમના પરિવારો સંતરામપુર તાલુકાના ટીમલા અને અલગ અલગ ગામોના મોટી સંખ્યામાં વિશાળમાં આવેદનપત્ર આપેલું હતું.

### મહિસાગર જીલ્લા આમ આદમી પાર્ટી દ્વારા

# સુખદેવસિંહ ગોગામેડીની નિર્મમ હત્યા કરનાર આરોપીને સખત સજા થાય જેને લઈને જીલ્લા કલેકટરને આવેદનપત્ર



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

રાષ્ટ્રીય રાજપૂત કરણીસેનાના અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની નિર્મમ હત્યા કરનારને સખત સજા તેમજ જવાબદાર અધિકારીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા બાબતે મહીસાગર જીલ્લા આમ આદમી પાર્ટી દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવેલ હતું. રાજસ્થાનમાં જયપુર મુકામે રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની હત્યા કરી નાખવામાં આવી છે. સ્વઃ સુખદેવસિંહ ગોગામેડીએ જ્યારે પોલીસ પ્રોટેક્સન માંગેલ હતું. આમ, છતાં અધિકારીઓ દ્વારા તેઓને પોલીસ પ્રોટેક્સન આપવામાં આવ્યું ન હતું અને જેના કારણે જેઓ સમગ્ર ભારત દેશના તમામ સમાજ માટે કામ કરવાવાળા કરણી સેનાના નેતાની નિર્દયી દુષ્ટમાણસો જે રીતે હત્યા કરી છે. તેમની ઉપર ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવી જલ્દીમાં જલ્દી તેમને સખ્ત સજા કરવામાં આવે તેમજ જેમણે પણ તેઓને પોલીસ પ્રોટેક્સન નથી આપ્યું તેવા અધિકારીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આમ આદમી પાર્ટીની લાગણી અને માંગણી છે. જેમાં સ્ટેટ જોઈન્ટ સેક્રેટરી, મહિસાગર જીલ્લા પ્રમુખ, જીલ્લા મહામંત્રી, લુણાવાડા તાલુકા પ્રમુખ, તાલુકા મહામંત્રી હાજર રહ્યા.

# ઝાલોદ ડિવિઝન પોલીસ દ્વારા વિવિધ ગુન્હાઓ અંતર્ગત પકડાયેલ દારૂના જથ્થાનો નાશ કરાયો





ઝાલોદ,

ઝાલોદ ડિવિઝન અંતર્ગત આવતા છ પોલીસ સ્ટેશન વિસ્તારના તમામ પોલીસ પોલીસ અધિકારીઓ સ્થળ પર હાજર રહેલ હતા. અંદાજીત ૧૨૩૪૧૦ વિદેશી દારૂની બોટલ જેની કિંમત અંદાજીત ૧,૪૮,૮૯,૦૦૦ ના દારૂનો નાશ કરવામાં આવ્યો. તારીખ ૧૪-૧૨-૨૦૨૩ ના રોજ ઝાલોદ પોલીસ ડિવિઝનના ઈન્ચાર્જ પોલીસ અધિકારી ડી.વાય.એસ.પી પટેલની આગેવાની હેઠળ ઝાલોદ, લીમડી, ચાકલિયા, સંજેલી, સુખસર, ફતેપુરામાં વિવિધ ગુન્હા હેઠળ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂને ઝાલોદ થી અંદાજીત ૨ કિલોમીટર અંતરમાં આવેલ ફતેપુરા રોડના રાજપુર મુકામે ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂના માલનો જથ્થો બે હેવી રોલર અને એક જે.સી.બી ની મદદ થી નાશ કરવામાં આવ્યો હતો. આ સમયે રાજપુર મુકામે સ્થળ પર પ્રાંત અધિકારી, ડી.વાય.એસ.પી. તેમજ છ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ તેમજ મોટા પ્રમાણમાં પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.

ડી.વાય.એસ.પી પટેલના નિવેદન મુજબ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં વિવિધ ગુન્હાઓમા પકડાયેલ વિદેશી દારૂની કાયદાકીય મંજૂરી મેળવી નાશ કરવામાં આવેલ હતો. આ વિદેશી દારૂનો નાશ કરવા માટે કોર્ટની મંજૂરી લીધા પછી પ્રાંત અધિકારી ગોહિલ, ડી.વાય.એસ.પી. પટેલ તેમજ નશાબંધી અધિકારીની ટીમ બનાવી હતી. આ ટીમ દ્વારા સ્વસ્થ ભારત અભિયાન હેઠળ અંદાજીત ૧૨૩૪૧૦ વિદેશી દારૂની બોટલ જેની અંદાજીત કીમત આશરે ૧,૪૮,૮૯,૦૦૦ જેટલી થાય છે. આ તમામ વિદેશી દારૂની પ્રાંત અધિકારી અને ડી.વાય.એસ.પી. તેમજ છ જેટલા પણ એસ.આઈ. અને અન્ય પોલીસ સ્ટાફની હાજરીમાં આ તમામ વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

# મહીસાગર જીલ્લામાં મહિલાઓ માટે ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન દ્વારા કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમો શરૂ કર્યા



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજીત ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન,(આર-સેટી) મહીસાગર દ્વારા મહીસાગર જીલ્લાના વિવિધ ગામોમાંથી આવેલ બહેનો માટે કમ્પુટરાઈસ એકાઉન્ટીંગની નિઃશુલ્ક તાલીમ દિપ પ્રાગટ્ય કરીને શરૂ કરવામાં આવી.

આ કાર્યક્રમમાં સંસ્થાના નિયામક વિશાલ અગ્રવાલ, ટી.ડી.ઓ ઓફીસ લુણાવાડામાંથી સી.ડી.પી.ઓ કાસીબેન (ડી.આર.ડી.ઓ માંથી ડી.એલ.એમ, હરિશચંદ્ર રાઠોડ અને સંસ્થાના ફેકલ્ટી જયાબેન ઉપસ્થિત રહ્યા હતા અને એફએલસી કાઉન્સેલર વનિતા પટેલ, પોતાના પગપર ઉભારહીને આત્મનિર્ભર કઈ રીતે બને એ માટે વિશેષ માર્ગદર્શન આપીને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

ભવિષ્યમાં મહીસાગર જીલ્લાના ૧૮ થી ૪૫ વર્ષના ભાઈઓ અને બહેનો માટે જેમાં CCTV Camera, Photography and videography, અને મોબાઈલ રીપેરીંગની નિઃશુલ્ક તાલીમ પૂરી પાડવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમ ટુંક સમયમાં શરૂ થવાની હોવાથી રજીસ્ટ્રેશન પણ શરૂ કરવામા આવ્યા છે અને જે કોઈ ઇછુક ઉમેદવારે લુણાવાડા ખાતે એસ.કે. હાઈસ્કુલની પાછળ, ચરેલ રોડ સાઈ બંગ્લોઝની સામે પર સંસ્થાનો સંપર્ક કરવો. તેમ સંસ્થાના નિયામક વિશાલ અગ્રવાલે જણાવ્યું હતું.

# કડાણા ડીટવાસ ગામે CHC માટે આદિવાસી ખેડુતો ખેતીની જમીન પચાવી પાડી થતાં બાંધકામનો વિરોધ કરતા ૩૦ આદિવાસીઓની ડીટવાસ પોલીસે અટકાયત કરી



કડાણા,

કડાણા તાલુકાના ડીટવાસમાં આદિવાસી વર્ષોથી ખેડાણ કરતા હોય તેની જમીન બળજબરી છીનવી લેવામાં આવી હોય હાઈકોર્ટ દ્વારા આદિવાસી ખાતેદારોને સાંભળવા આદેશ કર્યો હોવા છતાં જીલ્લા કલેકટર આવા આદેશ થતાં કાર્યવાહી નહી કરતાં સી.એચ.સી. સેન્ટરના બાંધકામનો વિરોધ કરતા ૩૦ આદિવાસીઓની ડીટવાસ પોલીસ દ્વારા અટકાયત કરાઈ.

કડાણા તાલુકાના ડીટવાસમાં સેંકડો વર્ષોથી આદિવાસી ખેડુતો ખેતી કરતા હોય તેવવી ખેડાણવાળી જમીન બળજબરી પૂર્વક સરકારે છીનવી લીધી હતા અને આ જમીન સી.એચ.સી. સેન્ટરના બાંધકામ માટે સોંપવામાં આવી હતી. જેને લઈ ૧૭ જેટલા આદિવાસી ખેડુત ખાતેદારો દ્વારા ત્રણ વર્ષથી રજુઆતો કરતા હોય પરંતુ આદિવાસી ખેડુતોની વાત સાંભળવા માટે અધિકારીઓ તૈયાર ન હોય ગ્રામ પંચાયતે ઠરાવ કરી જમીન અન્ય જગ્યાએ ફાળવી હોવા છતાંય ગ્રામ પંચાયતને સાંભળવા તૈયાર ન હોય ખેડુતો દ્વારા હાઈકોર્ટમાં પહોંચતા હાઈકોર્ટ દ્વારા અગાઉના કલેકટરને છીનવી લેવાય જમીનના હુકમ રદ કરી ખેડુત ખાતેદારોને સાંભળવા આવ્યો હતો. તેમ છતાં ખેડુતોની વાત સાંભળવામાં આવી ન હોય ૧૭ જેટલા ખેડુત ખાતેદારો અને તેમના કુટુંબીજનો સી.એચ.સી.સેન્ટરના બાંધકામનો વિરોધ કરતા હોય તેવા ૩૦ જેટલા આદિવાસીઓની ડીટવાસ પોલીસે અટકાયત કરી.

# સંતરામપુર તાલુકાના વાજીયાંખૂટ ગામે કુમ કુમ તિલક કરી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" સ્વાગત કરાયું



મહીસાગર,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા તા.૧૫મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ'થી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેને મહીસાગર જીલ્લામાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.જે અન્વયે સંતરામપુર તાલુકાના વાજીયાંખૂટ ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમ યોજાયો હતો.

આ તકે પ્રધાનમંત્રીનો વિડિયો સંદેશ તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ફિલ્મનું સૌ ગ્રામજનોએ કુતૂહલ પૂર્વક નિહાળી હતી. આ ઉપરાંત મેરી કહાની મેરી જુબાની હેઠળ યોજનાના લાભાર્થીઓએ સરકારની યોજનાઓ થકી તેમને મળેલા લાભો અંગે પોતાના અનુભવો વર્ણવી સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને મહાનુભવોના હસ્તે લાભો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવા સંકલ્પ લીધા હતા.

આ પ્રસંગે સરપંચ, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# હાલોલ વરસડાના ૨૨ વર્ષીય યુવાને સામાન્ય બાબતે મનમાં લાગી આવતાં ગળે ફાંસો ખાતા મોત

હાલોલ,

હાલોલ તાલુકાના વરસડા ગામે રહેતા ૨૨ વર્ષીય યુવાનને પત્ની સાથે જમવા બનાવવા માટે થયેલ સામાન્ય બોલાચાલીમાં મનમાં લાગી આવતા જુના ઘરે લાકડાના સટા સાથે દોરી વડે ગળે ફાંસો ખાતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના વરસડા ગામે રહેતા રોનકભાઈ મનોજભાઈ પરમાર ઉ.વ.૨૨ને તા.૬ ડીસે.નારોજ પત્ની સાથે જમવાનું બનાવવા બાબતે સામાન્ય બોલાચાલી થતાં મનમાં લાગી આવતા પોતાના જુના ઘરે લાકડાના સટા ઉપર પ્લાસ્ટીક પટ્ટી વડે ફાંસો ખાઈ લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં દવા સારવાર દરમિયાન રોનક પરમારનું મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## આપની આજ.......

મેષ : લોકોનું વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવસાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશીઓ મળશે. વિદ્યાર્થીઓ માટે પણ આજનો દિવસ શુભ છે.

વૃષભ : આજનો દિવસ પરોપકારમાં પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાંક ફેરફાર થઈ શકે છે. તમે તમારા મિલનસાર વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.

મિથુન : આજે જીવનસાથીને આકસ્મિક શારીરિક પીડા થઈ શકે છે. જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે. કોઈ પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ પહેલાં તેના તમામ કાયદાકીય પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો. બપોર પછીનો સમય થોડો અનુકૂળ થતો દેખાશે.

કર્ક : આજનો દિવસ અનુકૂળ બનાવી રહ્યા છે. પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે અને બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.

સિંહ : આજનો દિવસ શુભ અને ફળદાયી બનશે. માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો. વડીલો અને અધિકારીઓની કૃપાથી તમારી કોઈ ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. ઓફિસની સાથે ઘરના કામકાજ પાછળ પણ ધ્યાન આપવું પડશે. ખોટા ખર્ચાથી બચજો.

કન્યા : વેપાર ક્ષેત્રમાં ધાર્યો લાભ થવાથી આનંદિત રહેશો. આર્થિક સ્થિતિમાં સુધારો આવી શકે છે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.

તુલા : આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. મૂડી ભંડોળમાં વધારો થશે, સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે. ઉતાવળ અને ભાવુક થઈને લેવામાં આવેલો નિર્ણય આગળ જઈને તમને તકલીફ આપી શકે છે. એટલા માટે આવા નિર્ણયથી બચજો.

વૃશ્ચિક : સંતાનો પ્રત્યેની તમારી ફરજો નિભાવી શકશો. પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં પણ તમે આગળ વધશો, અટવાયેલું કામ પૂરૂ થશે. કેટલાંક લોકોને આજે આંખોમાં તકલીફ ઊભી થઈ શકે છે.

ધન : આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે. સહયોગી કર્મચારીઓ કે કોઈ સંબંધીના કારણે તણાવ અને માનસિક કષ્ટ થઈ શકે છે.

મકર : આજનો સમય વેડફશો નહીં. મહેનત અને અથાગ પરિશ્રમથી આજે તમને તમારા નસીબનો સંપૂર્ણ સાથ મળશે. સ્વજનો પાસેથી સુખ મળશે, પરિવારમાં કોઈ શુભ કમ થવાથી મનમાં આનંદ અને ઉત્સાહ જોવા મળશે. ઘર ગૃહસ્થીની મુશ્કેલીનું નિરાકરણ આવશે.

કુંભ : આજે મજબૂત બની શકે છે. વ્યવસાયમાં તમને સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે. પ્રિયજનો સાથે મુલાકાત થઈ શકે છે. વાણી પર સંયમ રાખજો નહીં તો વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરવો પડી શકે છે.

મીન : આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશે. આવકના નવા સ્ત્રોત ઊભા થશે. તમારી વાતચીતની શૈલી તમને ખાસ સન્માન અપાવશે. આખો દિવસ દોડધામના કારણે વાતાવરણની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. એટલે ખાસ કાળજી રાખજો.

# સંસદમાં ભારે હોબાળા વચ્ચે ૧૫ સાંસદો પૂરા સત્ર માટે સસ્પેન્ડ, ૧૪ લોકસભા તો ૧ રાજ્યસભામાંથી



નવીદિલ્હી,

સંસદની સુરક્ષામાં ક્ષતિના મુદ્દે ગુરુવારે (૧૪ ડિસેમ્બર) લોકસભા અને રાજ્યસભામાં વિરોધ પક્ષોએ હંગામો કર્યો અને ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદનની માંગ કરી હતી. આ દરમિયાન લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળા વચ્ચે સંસદની કાર્યવાહીમાં અવરોધ મામલે ૧૫ સાંસદોને સમગ્ર સત્રમાંથી સસ્પેન્ડ કરાયા છે. લોકસભા અધ્યક્ષે કોંગ્રેસના સભ્યો ટીએન પ્રથાપન, હિબી એડન, જોતિમણી, રામ્યા હરિદાસ અને ડીન કુરિયાકોસને હંગામો કરવાના આરોપસર શિયાળુ સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરી દીધા છે. આ પછી પણ હોબાળો અટક્યો ન હતો અને વધુ ૯ સભ્યોને શિયાળુ સત્રમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમાં બેની બેહનન, મોહમ્મદ જાવેદ, પીઆર નટરાજન, કનિમોઝી, વીકે શ્રીકંદન, કે સુબ્રમણ્યમ, એસઆર પાર્થિબન, એસ વેંકટેશન અને મણિકમ ટાગોરનો સમાવેશ થાય છે.

સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ લોકસભામાં કહ્યું કે અમે બધા સહમત છીએ કે ગઈકાલની દુર્ભાગ્યપૂર્ણ ઘટના લોકસભાના સભ્યોની સુરક્ષામાં ગંભીર ખામી હતી. અને લોકસભા અધ્યક્ષની સૂચનાથી આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું, આ મુદ્દે કોઈ સભ્ય પાસેથી રાજનીતિની અપેક્ષા નથી, અમારે પક્ષના રાજકારણથી ઉપર ઉઠીને કામ કરવું પડશે. ભૂતકાળમાં પણ સંસદમાં સુરક્ષામાં ખામીની આવી ઘટનાઓ બનતી રહી છે અને તત્કાલિન લોકસભા સ્પીકરની સૂચના મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ પહેલા તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ બ્રાયનને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમના સસ્પેન્શનને લઈને વિપક્ષી પાર્ટીઓના સાંસદોએ રાજ્યસભામાં હોબાળો મચાવ્યો હતો. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ગઈકાલે સંસદ ભવનમાં થયેલા સુરક્ષા ભંગ અંગે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરને પત્ર લખ્યો હતો. પત્રમાં તેમણે લખ્યું છે કે સંસદની સુરક્ષાનું ઉલ્લંઘન ખૂબ જ ગંભીર બાબત છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, હું સંસદમાં ભારતીય પક્ષોના નેતાઓ સાથે પરામર્શ કરીને વિચાર આવ્યો છું કે તેને રાજ્યસભા (રાજ્યસભા)ના નિયમો અને પ્રક્રિયાના નિયમ ૨૬૭ હેઠળ ઉઠાવવામાં આવે. આ સિવાય જ્યાં સુધી ગૃહમંત્રી આ મુદ્દે નિવેદન નહીં આપે અને ત્યાર બાદ નિયમ ૨૬૭ હેઠળ ચર્ચા થાય ત્યાં સુધી અન્ય કોઈ ચર્ચા કરવામાં આવશે નહીં. કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું કે, 'આના માટે સરકાર સંપૂર્ણપણે જવાબદાર છે. ગત વખતે જ્યારે હુમલો થયો ત્યારે આતંકવાદીઓ સંસદની અંદર પહોંચી શક્યા ન હતા પરંતુ આ વખતે તેઓ લોકસભામાં પહોંચી ગયા હતા. તેમણે કહ્યું, 'જો આપણે મૌન રહીએ તો તેનો અર્થ એ છે કે અમે અમારી જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવી રહ્યાં નથી.' કોંગ્રેસના સાંસદ અધીર રંજન ચૌધરીએ ૧૩ ડિસેમ્બરે સંસદની સુરક્ષામાં ક્ષતિઓ પર કહ્યું, ગઈકાલની ઘટના સમગ્ર દેશે જોઈ. દરરોજ સુરક્ષા, સત્તા અને વિકાસની વાતો થાય છે પરંતુ દેશની અંદરની સુરક્ષા પોકળ છે. શું તેનાથી પીએમ મોદીને કોઈ ફરક પડે છે? લોકો કહેશે કે 'મોદી એટલે મુશ્કેલ'લોકસભા સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના સાંસદોને હોબાળો ન કરવા જણાવ્યું હતું. રક્ષામંત્રીએ કહ્યું, લોકોને સંસદમાં પ્રવેશવા માટેના પાસ આપતી વખતે આપણે સતર્ક રહેવું પડશે

આજે સવારે સંસદના શિયાળુ સત્રની શરૂઆત પહેલા ભાવિ રણનીતિ અંગે ચર્ચા કરવા વિપક્ષી દળોની બેઠક યોજાઈ હતી. આ બેઠક પછી કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્વિટર પર લખ્યું, ભારતીય પક્ષો માંગ કરી રહ્યા છેઃ ગૃહ પ્રધાને ગઈકાલે સંસદમાં થયેલી અત્યંત ગંભીર અને ખતરનાક સુરક્ષા ક્ષતિ અંગે બંને ગૃહોમાં વિગતવાર નિવેદન આપવું જોઈએ અને પછી તેના પર ચર્ચા થવી જોઈએ.

આ સાથે તેમણે વધુમાં કહ્યું કે, ભાજપના સાંસદ પ્રતાપ સિમ્હા સામે કડક કાર્યવાહી થવી જોઈએ, જેમણે ઘૂસણખોરોને વિઝિટર પાસ આપ્યા હતા. મોદી સરકાર દ્વારા આ સંપૂર્ણ કાયદેસર અને વ્યાજબી માંગણીઓ સ્વીકારવાનો ઈનકાર કરવાને કારણે આજે સવારે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. દરમિયાન ૧૩ ડિસેમ્બરે સંસદમાં ઘૂસણખોરી કરનારા બે આરોપીઓ અને તેમના સહયોગીઓને આજે દિલ્હીની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે ચારેય આરોપીઓને સાત દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા છે. તે જ સમયે, સંસદ ભવનમાં લોકસભાની કાર્યવાહી દરમિયાન સુરક્ષામાં ભંગનો મામલો સામે આવ્યા બાદ ત્યાંની સુરક્ષા વ્યવસ્થા પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકાના જવેસી સિંચાઈ તળાવની બિસ્માર નહેર દ્વારા વેડફાતા પાણીથી પાટડીયા ગામના ખેડૂતોને હજારોનું નુકસાન


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

## ના છૂટકે અમારે ગાંધી સિંધ્યો માર્ગ અપનાવવા અને કોર્ટ કેસ કરવા મજબૂર બનવું પડશે

અમારા પાટડિયા ગામમાં જવેસી સિંચાઈ તળાવની આવતી નહેર વર્ષોથી તૂટી ગયેલી અને ઝાડી ઝાંખરાઓથી ઢંકાઈ ગયેલી છે. જેના લીધે આ નહેરનું પાણી બારેમાસ અમારા ખેતરોમાં રેલાતા અમો ખેતી કરી શકતા નથી. હાલ મેં બે દિવસ અગાઉ મોંઘા ભાવના ઘઉંનું બિયારણ લાવી ખેતી કરી છે. જેમાં પાણી ભરાઈ જતા મારી કરેલ ખેતી નિષ્ફળ ગઈ છે. અમો અમો વર્ષોથી આ કેનાલના વેડફાતા પાણીથી થતા નુકસાન બાબતે અનેક વાર ઝાલોદ નાની સિંચાઈ કચેરીમાં લેખિત મૌખિક રજૂઆતો કરીએ છીએ. પરંતુ કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. જ્યારે હાલ મેં નાની સિંચાઈ નાયબ કાર્ય પાલક સમક્ષ લેખિત રજૂઆત કરી છે.અને વહેલી તકે અમારા ખેતરોમાં વેડફાતું પાણી બંધ કરવામાં નહીં આવે તો ના છૂટકે અમારે ગાંધી ચીંધ્યો માર્ગ અપનાવવા અને કોર્ટ કેસ કરવા સુધી પગલાં ભરવા મજબૂર બનવું પડશે.

- પાટડીયા ગામના ખેડૂત દ્વારા નાની સિંચાઈ નાયબ કાર્યપાલક ઈજનેર ઝાલોદને રજૂઆત : ન્યાય નહીં મળે તો કોર્ટ કેસ કરવાની ચીમકી.
- તૂટેલી નહેરની રીપેરીંગ કામગીરી તથા ફૂટી નીકળેલા ઝાડી ઝાંખરાની સાફ-સફાઈના અભાવે ખેતીલાયક ખેતરોમાં પાણી ફરી મળે છે.
- પાટડીયા ગામના ખેડૂતો દ્વારા નહેરની રીપેરીંગ તથા ઝાડી ઝાંખરા દૂર કરવા વર્ષોથી રજૂઆત છતાં ઝાલોદ નાની સિંચાઈના જવાબદારો કુંભકર્ણની ઊંઘમાં કેમ?.

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં ત્રણ જેટલા સિંચાઈ તળાવ આવેલા છે.જે તળાવો થી કેનાલ દ્વારા સિંચાઈ માટે પાણી આપવા સરકાર દ્વારા સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.પરંતુ સિંચાઈ વિભાગના સ્થાનિક જવાબદારો દ્વારા ધ્યાન આપવામાં નહીં આવતા આ સિંચાઈના પાણીથી જેટલા ખેડૂતોને લાભ થાય છે તેનાથી અનેક ગણા ખેડૂતોને નુકસાન પહોંચી રહ્યું છે. જે બાબતે ઝાલોદ નાની સિંચાઈ વિભાગને અનેકવાર રજૂઆતો કરવા છતાં કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા કર્મચારીઓ દ્વારા કોઈ જ ધ્યાન આપવામાં આવતું નથી.અને ખેડૂતો વર્ષે હજારો રૂપિયાનું નુકસાન ભોગવી રહ્યા હોવાનો બળાપો કાઢી રહ્યા છે. છતાં ખેડૂતોની વર્ષોથી પડી રહેલ બુમો સાંભળવા ફરજ નિષ્ઠ અધિકારી આજ દિન સુધી ઝાલોદ નાની સિંચાઈ કચેરીમાં કયા કારણોસર મૂકવામાં આવતા નથી?તેવી ખેડૂતોમાં ચર્ચા સાંભળવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના જવેસી સિંચાઈ તળાવથી મારગાળા,પાટડીયા, ખાતરપુરના મુવાડા વિગેરે ગામડાઓમાં સિંચાઈનું પાણી આપવા માટે વર્ષો અગાઉ નહેરનું બાંધકામ કરવામાં આવેલ છે અને તેના બાંધકામના વર્ષો વિત્યા બાદ બિસ્માર હાલતમાં ઠેક ઠેકાણે તૂટેલી અને ઝાડી ઝાંખરા ઓથી ઢંકાઈ ગયેલી નહેરને નાની સિંચાઈ ઝાલોદના જવાબદારો દ્વારા રીપેરીંગ કામગીરી કરવા કે ફૂટી નીકળેલા ઝાડી ઝાંખરા દૂર કરવાની તસ્દી લેવામાં નહીં આવતા હાલ અનેક ખેડૂતો પોતાના ખેતરોમાં ખેતી પાકો લઈ શકતા નથી અને વર્ષે હજારો રૂપિયાનું નુકશાન ભોગવી રહ્યા છે. જે બાબતે ખેડૂતો દ્વારા અનેકવાર ઝાલોદ નાની સિંચાઈ કચેરીના જવાબદારોને રજૂઆત કરવા છતાં ધ્યાન આપવામાં નહીં આવતું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. કેટલાક ખેડૂતો ની ખેતી લાયક જમીનમાં આ બિસ્માર નહેરના કારણે બારેમાસ પાણીનો ભરાવો રહેતા ખેતી નહીં કરી શકતા પોતાની જમીન છોડી બાળ બચ્ચા સાથે હિજરત કરી બહારગામ કાળી મજૂરી કરી પોતાના પરિવારનું ભરણપોષણ કરતા હોવાનું પણ પાટડીયાના સ્થાનિક લોકો દ્વારા જાણવા મળે છે. ત્યારે પ્રજાના ટેક્સના નાણાં કે જે આ કર્મચારીઓને હજારો રૂપિયા પગાર રૂપે ચૂકવવામાં આવે છે તે પ્રમાણે આ સરકારી જવાબદારો કામગીરી કેમ કરતા નથી ? તે પણ એક સવાલ છે.

ઉલ્લેખનીય છે કે, આગાઉ જવેસી સિંચાઈ તળાવની બિસ્માર નહેર દ્વારા પાટડીયા ગામના ખેડૂતોની ખેતીમાં વેડફાતા પાણી અને ખેડૂતોને થતા નુકશાન બાબતે સમાચાર પત્રોમાં સમાચારો પ્રગટ થતા ઝાલોદ નાની સિંચાઈ કચેરીના કર્મચારી દ્વારા પાટડીયા ગામે સ્થળ તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ પણ આ નહેરની મરામત કામગીરી કે ઝાડી ઝાંખરા દૂર કરવા તસ્દી લેવામાં આવી નથી અને ખેડૂતો હાલની રવિ સિઝનના ખેતી પાકોથી વિમુખ થઈ રહ્યા છે. ત્યારે ઝાલોદ નાની સિંચાઈ વિભાગના જવાબદારો દ્વારા પાટડીયા ગામના ખેડૂતોને બિસ્માર નહેરના કારણે પડતી મુશ્કેલી દૂર કરવા તાત્કાલિક ધ્યાન આપવામાં આવે તેવી ખેડૂતોની માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

## દાહોદ જીલ્લાના ચાર અલગ-અલગ જગ્યાએથી ૨.૬૬ લાખના દારૂ સાથે ૪ વાહનો ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લામાં જે તે પોલીસે જુદી જુદી ચાર જગ્યાએથી ૨.૬૬ લાખ ઉપરાંતની કિંમતના વિદેશી દારૂ સાથે રૂા.૭.૬૫ લાખની કિંમતના ચાર વાહનો પકડી પાડી રૂા.૧૦.૩૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ ઝડપી પાડી કબજે લીધાનું જાણવા મળ્યું છે.

ગતરાતે રાત્રી પેટ્રોલીંગમાં નીકળેલ દાહોદ એલસીબી પોલીસે શંકાસ્પદ લાગતી ટાટા ટીગોર ગાડીનો પીછો કરતા તે ગાડીનો ચાલક દાહોદ એ ડિવિઝન પોલીસે સ્ટેશન વિસ્તારના રળીયાતી સાંગા ફળિયામાં એક ખેતરમાં ટાટા ટીગોર ગાડી મૂકી નાસી ગયો હતો. જે ગાડીમાંથી એલ.સી.બી. પોલીસે રૂા.૮૦,૬૪૦ની કુલ કિંમતની ટીન બીયરની પેટીઓ નંગ–૨૮માં ભરલે બીયર ટીન નંગ–૬૭૨ પકડી પાડી રૂા. ૪ લાખની ટાટા ટીગોર ગાડી મળી કુલ રૂા.૪,૮૦,૬૪૦નો મુદ્દામાલ કબજે લઈ દાહોદ એ ડીવીઝન પોલીસને સુપરત કરી પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ તાલુકા પોલીસે ગતમોડી રાતે ખરોદા ગામે મુંડીયા ફળિયામાં રોડ પર ગોઠવેલ વોચ દરમ્યાન ચોસાલા ગામના જયભાઈ લાલુભાઈ બારીયાને રૂા.૭૦,૫૬૦ની કિંમતનાઅલગ અલગ માર્કાના વિદેશી દારૂની બોટલ નંગ–૫૦૪ સાથે રૂા.૪૦ હજારની કિંમતની મોટર સાયકલ તથા રૂા.૫૦૦૦ની કિંમતના મોબાઈલ ફોન મળી રૂા.૧,૧૫,૫૬૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી જેલ ભેગા કર્યો હતો.

કતવારા પોલીસે પોતને મળેલ બાતમીના આધારે મોડી રાતે બોરડી ગામે બોરડી માળમાં રોડ પર ગોઠવેલ વોચ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ હોન્ડા કંપનીની એકટીવા ગાડી સાથે દાહોદ ગારખાયાના સંગાડા ફળિયામાં રહેતા રાજેશભાઈ જંગલભાઈ ડાંગીને પકડી પાડી તેની ગાડી પર મૂકેલ થેલામાંથી રૂા.૨૮,૫૬૦ની કુલ કિંમતના ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ બેગ પાઈપર વ્હીસ્કીના કાચના કવાટરીયા તથા ગોવા વ્હીસ્કીના પ્લાસ્ટીકના કવાટરીયા મળી કુલ કવાટરીયા નંગ–૨૧૬ પકડી પાડી રૂા.૨૫૦૦૦ની કિંમતની હોન્ડા કંપનીની એકટીવા મળી કુલ રૂા.૫૩,૫૬૦ના મુદ્દામાલ કબજે લઈ કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે કતવારા પોલીસે રાત્રી પેટ્રોલીંગ દરમ્યાન ગતોજ મોડી રાતના પોણા ત્રણ વાગ્યાના સુમારે ભીટોડી ગામે વળાંકમાં હાઈવે રોડની બાજુમાં પોલીસની ગાડી જોઈ પોતાની સફેદ કતલરની મારૂતી કંપનીની સ્વીફટ ડીઝાયર ગાડી મૂકી ડ્રાયવર તથા તેની સાથેનો ઈસમ અંધારાનો લાભ લઈ નાસી જતાં પોલીસે ગાડીમાંથી રૂા.૮૪૧૨૦ની કુલ કિંમતના વિદેશી દારૂ તથા બીયરટીન મળી કુલ નંગ–૬૯૬ પકડી પાડી રૂા. ૩ લાખની કિંમતની સ્વીફટ ડીઝાયર ગાડી મળી રૂા.૩,૮૭,૧૨૦નો મુદ્દામાલ પકડી પાડી કબજે લીધો હતો.

## કતવારા પોલીસે ૨૪ કલાકમાં બે સ્થળેથી સવા લાખ ઉપરાંતના વિદેશી દારૂના જથ્થા સાથે એકની અટકાયત કરી : બે ફરાર

દાહોદ,

દાહોદ જીલ્લામાં કતવારા પોલીસે વીતેલા ૨૪ કલાકમાં બે જુદા–જુદા સ્થળેથી ૧,૧૨ લાખ ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે ઉપરોક્ત બંને સ્થળેથી ફોરવીલ તેમજ ટુ વ્હીલર ગાડી સહીત ૪,૪૦,૬૮૦ ઉપરાંતના મુદ્દામાલ ધરપકડ કરી છે. જ્યારે પ્રોહિબીશનની બદીમાં સંડોવાયેલા ત્રણ ઈસમો સામે ગુનો દાખલ કર્યો હોવાનું જાણવા મળે છે.

પ્રોહિનો પ્રથમ બનાવ

પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ભિટોડી ગામે બનવા પામ્યો હતો. જેમાં Gj-07-AR-1879 નંબરની સ્વિફ્ટ ડિઝાયર ગાડીમાં સવાર બે ખેપિયા મધ્યપ્રદેશના રસ્તે વિદેશી દારૂનો જથ્થો ભરી ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે મારફતે દાહોદ તરફ આવી રહ્યા હતા. તે સમયે પેટ્રોલિંગમાં નીકળેલી કતવારા પોલીસે ઉપરોક્ત ગાડીને ભીટોડી વળાંક પર ઉભી રાખવાનો ઈશારો કરતા ગાડીમાં સવાર બંને ઈસમો ગાડીને સ્થળ પર છોડી અંધારાનો લાભ લઈ ભાગી છુટ્યા હતા. જે બાદ કતવારા પોલીસે ગાડીની તલાસી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ તેમજ બિયરની ૧૭ પેટીઓમાં ૯૯૬ બોટલો મળી ૮૭૧૨૦ રૂપિયાનો વિદેશી દારૂ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો ત્રણ લાખ કિંમતની સ્વીફ્ટ ડિઝીર ગાડી મળી ૩,૮૭,૧૨૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ભાગી છૂટેલા બંને ઈસમો સામે પ્રોહીબિશન અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રોહિનો બીજો બનાવ

દાહોદ તાલુકાના બોરડી ગામે બનવા પામ્યો છે. જેમાં રાજેશ જંગલભાઈ ડાંગી રહેવાસી, ગારખાયા, સંગાડા ફળીયાએ પોતાના કબજા હેઠળ Gj-20-J-0147 નંબરની મોટરસાયકલ પર વિદેશી દારૂનો જથ્થો ભરી દાહોદ તરફ આવી રહ્યો હતો. તે સમયે પેટ્રોલિંગમાં નીકળેલી પોલીસે ઉપરોક્ત બાઈક સવાર ખેપિયાને બોરડી માળમાંથી ઝડપી તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૧૬ બોટલો મળી ૨૮,૫૬૦ રૂપિયાનો દારૂ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ ૨૫૦૦૦ કિંમતની મોટર સાયકલ મળી ૫૩,૫૬૦રૂા. નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલા રાજેશ જંગલભાઈ ડાંગી વિરૂદ્ધ પ્રોહીબિશન અંગેનો ગુનો દાખલ કર્યો છે.

## ગરબાડા તાલુકાના ભીલવા ગામે બકરા ચરાવવા નીકળેલા ૫૮ વર્ષીય આધેડનું મોત

ગરબાડા,

ગરબાડા તાલુકાના ભીલવા ગામે ઘરેથી બકરા ચરાવવા નીકળેલો ૫૮ વર્ષીય આધેડ મરણ પામેલી હાલતમાં નદી કિનારે ખેતરમાંથી મળી આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના ભીલવા સંગાડા ફળિયાનો રહેવાસી ૫૮ વર્ષીય રમણભાઈ સિંગાભાઈ સંગાડા ગતરોજ સવારના સમયે બકરા ચરાવવા ઘરેથી નીકળ્યો હતો. જે બાદ રમણભાઈનું અગમ્ય કારણોસર મૃત્યુ પામતા તેમની લાશ નદી કિનારે ખેતરમાંથી મળી આવતા સ્થાનિકોએ બનાવની જાણ ગરબાડા પોલીસ મથકે કરી હતી. જે બાદ પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાગળિયા અંગેની કાર્યવાહી હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા ગામે ઝાલોદ રોડ ધરીયા ફાર્મની બાજુમાં જુગાર રમતા ૪ જુગારીયાઓને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા ગામે ઝાલોદ રોડ પર ધરીયા ફાર્મની ખુલ્લી જગ્યામાં જાહેરમાં પત્તા પાના વડે હારજીતના રમાતા જુગાર પર લીમખેડા પોલીસે ઓચિંતો છાપો મારી ચાર મોબાઈલો, રોકડ તથા પાના પતા કેટ મળી રૂા.૪૨,૯૦૦ના મુદ્દામાલ સાથે ચાર ખેલીયોએને ઝડપી પાડી જેલ ભેગા કર્યાનું જાણવા મળ્યું છે.

લીમખેડા નગરમાં ઝાલોદ રોડ પર ધરીયા ફાર્મની સામેની ખુલ્લી જગ્યામાં રમાતા જુગાર અંગેની લીમખેડા પોલીસને બાતમી મળી હતી. જે બાતમીના આધારે લીમખેડા પોલીસની ટીમે ગતરોજ સાંજના પાંચેક વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ લીમખેડા નગરમાં ઝાલોદ રોડ પર આવેલ ધરીયા ફાર્મની સામેથી ખુલ્લી જગ્યામાં પત્તા–પાના વડે રમાતા હારજીતના જુગાર પર ઓચિંતો છાપો મારી જુગાર રમી રહેલા લીમખેડા, ધરીયા ફાર્મની સામે રહેતા ૩૦ વર્ષીય હરપાલસિંહ રાજેન્દ્રસિંહ રાઠવા, લીમખેડા શાસ્ત્રી ચોકમાં રહેતા સંતોષકુમાર રસીકલાલ સોની, લીમખેડાના જેતપુર(દુ) ગામના આમલી ફળીયામાં રહેતા પરસોત્તમભાઈ ઉર્ફે પોપટ ધનાભાઈ ભરવાડ તથા ઝાલોદ તાલુપકાના લીમડી આંબલી ફળિયામાં રહેતા ૫૯ વર્ષીય કનુભાઈ ગલાભાઈ માળી(બામણીયા)ને પકડી પાડ્યા હતા અને દાવ પરથી પોલીસે રૂા.૩૧૦૦ની રોકડ તથા પકડાયેલા ઉપરોક્ત ચારે જણાની અંગઝડતી લઈ રૂા.૧૪,૮૦૦ની રોકડ તથા રૂા.૨૫,૦૦૦ની કુલ કિંમતના મોબાઈલ ફોન નંગ–૪, પત્તાની કેટ, ચાદર વગેરે મળી રૂા.૪૨,૯૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી કબજે લઈ લીમખેડા પોલીસે આ સંદર્ભે જુગારનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


દાહોદ જીલ્લાની ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શાળા નગરાલા ખાતે સિકલસેલ માટેની તપાસ કરવામાં આવી અને સિકલસેલ રોગના લક્ષણો કારણો વગેરેની પણ જાણકારી આપવામાં આવી. જેમાં બાળકોનાં આરોગ્યની તપાસ કરવામાં આવી. જેમાં સિકલસેલ રોગ વિશે તેના સંભવિત લક્ષણો અને ભવિષ્યમાં કઈ કાળજી રાખવી જોઈએ તેની માહિતી અપાઈ.

## પંચાયત અને કૃષિ મંત્રીના અધ્યક્ષસ્થાને ધાનપુર તાલુકાના દુધામલી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના હરખભેર વધામણાં

દાહોદ,

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ સમગ્ર રાજ્યમાં કરવામાં આવ્યો હતો. જેને દાહોદ જીલ્લામાં વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ધાનપુર તાલુકાના દુધામલી ગામ ખાતે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાના હરખભેર વધામણાં કરવામાં આવ્યા હતા. મંત્રી ખાબડે ગ્રામજનોને યોજનાકીય માહિતીની જાણકારી રાખવા, યોજનાનો લાભ લેવા તેમજ વંચિત લાભાર્થીઓને જાગૃત કરવા અનુરોધ કર્યો હતો.

વધુમાં મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે વડપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર છેવાડાના નાગરિકોની સુખાકારીમાં વધારો થાય અને સમૃદ્ધિના પથ ઉપર લોકો પસાર થાય તે દિશામાં કાર્ય કરી રહી છે. સાથે તમામ નાગરિકોના આરોગ્યની ચિંતા કરી આયુષ્માન કાર્ડના માધ્યમથી રૂપિયા ૧૦ લાખ સુધીનું વિમા કવચ પ્રત્યેક વ્યક્તિને પુરૂં પાડ્યું છે. ઉજ્જ્વલા યોજનાથી મહિલાઓના જીવનમાં આમુલ પરિવર્તન આવ્યું છે, તેના થકી સ્વાસ્થ્ય અને સમય બંનેની બચત થઈ છે. પ્રધાનમંત્રી જન ધન યોજનાના કારણે તમામ નાગરિકોના બેન્કમાં ખાતા ખોલવાથી આજે સરકારની તમામ યોજનાનો લાભ જે–તે લાભાર્થીના ખાતામાં સીધો જ જમા થાય છે. આવી અનેકવિધ યોજનાઓ સરકારે લાગુ કરી છેઽત્યારે સૌ નાગરિકો આંગળી ચિંધ્યાનું પૂણ્ય કરી પાડોશી પણ સરકારની યોજનાનો લાભ લઈ શકે તે માટે સહયોગી–માર્ગદર્શક બનવા અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં નાગરિક તરીકેનું યોગદાન આપવા સૌ નાગરિકોને અપીલ કરી હતી.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત લાભાર્થીઓએ ''મેરી કહાની, મેરી જુબાની'' થીમ અન્વયે પોતાને મળેલા લાભોની ગાથા વર્ણવી હતી. ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નિહાળી હતી. ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણ માટે પોતાની સહયોગીતા આપવાના શપથ લીધા હતા.

આ પ્રસંગે કારોબારી સમિતિના ચેરમેન અભેસિંહ મોહનીયા, તાલુકા પંચાયતના પ્રમુખ , જીલ્લા પંચાયતન સભ્યો, તાલુકા પંચાયતન સભ્યો, સરપંચો, મામલતદાર રાકેશભાઈ મોદી, તાલુકા વિકાસ અધિકારી રાઠવા, સહિત અધિકારી ઓ કર્મચારી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વિદેશીદારૂની બદીને ડામવા પોલીસની કાર્યવાહી : બુટલેગરોમાં ફફડાટ

દાહોદ,

દાહોદ પોલીસે બે જુદા–જુદા સ્થળેથી ફોરવહીલર ટુ વ્હીલર ગાડીમાંથી ૧.૫૨ લાખ ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી એક ખેપીયાને ઝડપી જેલ ભેગો કર્યો છે. જયારે પોલીસે વિદેશી દારૂનો જથ્થો ફોરવીલ–ટુ વ્હીલર ગાડી, મોબાઈલ ફોન મળી કુલ ૬.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કરી પ્રોહિબિશનની હેરફેરમાં સંડોવાયેલા પાંચ વ્યક્તિઓ સામે નામજોગ ગુનો દાખલ કર્યો હોવાનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ

દાહોદ તાલુકાના રળીયાતી સાંગા ગામે બનવા પામ્યું છે. જેમાં Gj-06-LB-3959 નંબરની ટાટા ટીગોર ગાડીનો ચાલક પોતાના કબજાની ગાડીમાં વિદેશીદારૂની ખેંપ મારવા નીકળ્યો હતો. તે સમયે રસ્તામાં પેટ્રોલિંગમાં નીકળેલી દાહોદ એ ડિવિઝન પોલીસને જોઈ ટીંગોર ગાડી નો ચાલક રળીયાતી સાંગા ગામે ખુલ્લા ખેતરમાં ગાડીને સ્થળ પર મૂકી અંધારાનો લાભ લઈ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. જે બાદ પોલીસે ઉપરોક્ત ગાડીની તલાસી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ બિયરના જથ્થાની ૬૭૨ બોટલો મળી ૮૦,૬૪૦ રૂપિયાનો વિદેશી દારૂ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો ૪ લાખ કિંમતની ટીગોર ગાડી મળી કુલ ૪,૮૦,૬૪૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ચાલક સામે પ્રોહિબિશન અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ

દાહોદ તાલુકાના ખરોદા ગામે બનવા પામ્યો છે. જેમાં જય લાલુભાઈ બારીયા રહે. ચોસાલા રવાળી ફળીયાનો જય લાલુભાઈ બારીયા પોતાના કબ્જા હેઠળની Gj-31-K-2529 નંબરની પલ્સર મોટર સાયકલ પર લાલુ કાળાભાઈ બારીયા રહે. ચોસાલાની પાઈલોટિંગમાં કનુ ચુનિયાભાઈ બિલવાળ રહે. રેંટિયા, પટ ફળિયા, તેમજ રમેશ સોમાભાઈ બિલલવાળ ખરોડ કાંકરી ડુંગળી ફળિયાના ત્યાં વિદેશી દારૂનો જથ્થો ખાલી કરવા જઈ રહ્યો હતો. તે સમયે પેટ્રોલિંગમાં નીકળેલી દાહોદ ગ્રામ્ય પોલીસે મોટરસાયકલ પર દારૂની ખેંપ મારવા નીકળેલા જય લાલુભાઈ બારીયાને ઝડપી તલાસી લેતા તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂ, બિયરની કુલ ૫૦૪ બોટલો મળી ૭૦,૫૬૦ નો વિદેશી દારૂનો જથ્થો, ૪૦,૦૦૦ રૂપિયા કિંમતની મોટરસાયકલ મળી કુલ ૧,૫૧,૫૬૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ ચાર ઈસમો સામે પ્રોહી અંગેનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા વકીલ મંડળના તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા

ફતેપુરા,

ગુજરાત બાર એસોસીએશનના માર્ગદર્શન હેઠળ તમામ બાર એસોસીએશનની ચુંટણી કરવાની હોઈ, તે માટે પ્રસિધ્ધિ થયેલ જેમાં ફતેપુરા બાર એસોસીઅશનના વિવિધ હોદાઓ માટે ફોર્મ ભરાયેલ હતા. જેમાં અન્ય ફોર્મ ન ભરાતા તમામ હોદેદારો બિનહરીફ ચુંટાઈ આવેલ જેમાં પ્રમુખ તરીકે પ્યારેલાલ એમ કલાલ, નોટરી ઉપ–પ્રમુખ તરીકે એલ.જી. નીનામા, સેક્રેટરી તરીકે આર.એલ.અમલીયાર, વાઈસ સેક્રેટરી તરીકે આર.ડી.કટારા, વેલ્ફર મંત્રી તરીકે આર.એલ.ડામોર, લાઈબ્રેરીયન તરીકે એલ.ટી.પણદા



નાઓ ચુંટાઈ આવતા વકીલ મંડળના તમામ સભ્યો વકીલ ચંદ્રસિંહ પારગી, આર.ડી રાઠોડ, અમુલભાઈ શાહ, શબ્બીરભાઈ સુનેલવાલા, પંકજભાઈ પંચાલ દ્વારા તેઓને ફુલહાર કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ચૂંટણી અધિકારી તરીકે વકીલ એ.પી. અગ્રવાલએ ફરજ બજાવી હતી.

## ધાનપુર તાલુકાના ડુમકા ગામેથી ફોરવીલ ગાડી ચોરાઈ

ધાનપુર,

ધાનપુર તાલુકાના ડુમકા ગામે ઘરના આંગણે પાર્ક કરેલી ફોરવીલર ગાડીનું અજાણ્યા વાહન ચોરોએ લોક તોડી ચોરી કરીને લઈ ગયા નું જાણવા મળેલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર ધાનપુર તાલુકાના કોટુંબી કોઠાર ફળિયાના પોપટભાઈ રાયસીંગભાઈ મેડાની Gj-04-X-9639 નંબરની ૮૦,૦૦૦ કિંમતની ટેક્સ ક્રુઝર ગાડી ધાનપુર તાલુકાના ડુમકા ગામના ઉચવાસ ફળિયાના રમુબાઈ દીપાભાઈ પસાયાના ઘરના આંગણામાં પાર્ક કરેલી હતી. જે ગાડીને ગતરોજ સોરીના મક્કમ ઈરાદે આવેલા અજાણ્યા વાહન ચોરોએ ગાડીનું લોક તોડી ઉઠાનતરી કરીને લઈ ગયા હોવાનું સામે આવ્યું છે. ઉપરોક્ત બનાવ સંદર્ભે કોટુંબી કોઠાર ફળિયાના પોપટભાઈ રાયસીંગભાઈ મેડાએ અજાણ્યા વાહનચોરો વિરૂદ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ધાનપુર પોલીસે વાહન ચોરી અંગેનો દાખલ કરી વાહન ચોરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.96

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં ખનિજ માફિયાઓ લાકડા ચોરો દ્વારા

# સરકારી અધિકારીઓના વાહનોનું લાઈવ લોકેશન ટ્રેસ કરવાનું મોટું જાસુસીકાંડ ઝડપાયું













પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા અધિકારીઓના સરકારી વાહનોના લોકેશન ટ્રેસ કરવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. જિલ્લામાં બેફામ બનેલા ખનીજ માફીયાઓ, ગેરકાયદેસર લાકડાની હેરાફેરી કરતા તત્વો તેમજ અન્ય ઈસમો દ્વારા સોશ્યલ મીડિયામાં ગ્રુપ બનાવીને ઓડિયો મેસેજ દ્વારા અધિકારીઓના સરકારી વાહનોના લોકેશન એકબીજા શેર કરતા હોવાની વિગતો સામે આવી છે. ગોધરા પ્રાંત અધિકારી દ્વારા આવા એક ઈસમની અટકાયત કરીને તેઓનો મોબાઈલ ફોન કબ્જે લઈને કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે.

- ગોધરા પ્રાંત અધિકારી દ્વારા એક ઈસમને ઝડપી વેજલપુર પોલીસને સોંપ્યો.
- મોબાઈલ ફોન નંબરના આધારે ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યા.
- વાહનોનું લોકેશન ટ્રેક કરવાનું જાસુસીકાંડ ખુલતા ગૃપમાં જોડાયેલ મેમ્બર લેફ્ટ અને રીમૂવ થયા હતા.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ખનિજ ચોરી કરતાં ખનિજ માફિયાઓ હાઈટેક બન્યા છે. ખનિજ માફિયાઓ દ્વારા ગોધરા ખાણ ખનિજ વિભાગ કચેરી માંથી ચેકીંગ માટે નિકળતા અધિકારી, કર્મચારીઓના વાહનોનું તેમજ ગોધરા પ્રાંત, હાલોલ ઈન્ચા.પ્રાત જીલ્લા પુરવઠા અધિકારીનું કાલોલ મામલતદારનું લાઈવ લોકેશન ખનિજ માફિયાઓના વોટસએપ ગૃપમાં ઓડીયોથી માહિતી શેર કરવામાં આવતી હોવાનો ઘટસ્ફોટ થવા પામ્યો છે. અધિકારીઓના લોકેશન ટ્રેસ થતાં અધિકારીઓના સુરક્ષાને ખતરો જણાઈ રહ્યો છે. ત્યારે આવા વોટસએપ ગૃપને શોધી કાર્યવાહી થાય તે જરૂરી છે.

પંચમહાલ જીલ્લા ખનિજ માફિયાઓ ગેરકાયદેસર ખનિજ ચોરી કરાતી હોય છે. જીલ્લામાં ખનિજ ચોરી સાથે સંકડાયેલ ખનિજ માફિયાઓ રેઈડથી બચવા માટે હાઈટેક ટેકનીકનો ઉપયોગ કરી રહ્યા છે. ગોધરા જીલ્લા ખાણ ખનિજ વિભાગની કચેરી માંથી અધિકારી, કર્મચારીઓ જે ગાડીમાં નિકળે તેની સાથે અધિકારી, કર્મચારીઓના લાઈવ લોકેશન ખનિજ માફિયાઓના વોટસએપ ગૃપમાં ઓડીયો મેસેજ શેર કરાઈ છે. જેથી જે વિસ્તારમાં રેઈડને તપાસ થવાની હોય તેની અગાઉની ખનિજ માફિયાઓને માહિતી મળી જતી હોય છે. જીલ્લામાં ખનિજ માફિયાઓ માત્ર ખાણ ખનિજ વિભાગના અધિકારી, કર્મચારીઓના વાહનો નહિ પરંતુ ગોધરા પ્રાંત અધિકારી, જીલ્લા પુરવઠા અધિકારી અને ઈન્ચા. હાલોલ પ્રાંત, કાલોલ મામલતદારના પણ લાઈવ લોકેશન ખનિજ માફિયાઓના વોટસએપ ગૃપમાં ઓડીયો મેસેજ શેર કરાઈ રહ્યા છે. ગતરોજ ગોધરા પ્રાંત અધિકારી કાલોલના ચલાલી તરફ આવતા ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો અને ઈસમને વેજલપુર પોલીસ મથકને સોંપી પકડાયેલ ઈસમના મોબાઈલના વોટસએપ ગૃપમાં જોડાયેલ ઈસમો વિરૂદ્ધ ફરિયાદની તજવીજ હાથ ધરાઈ છે.

પંચમહાલ જીલ્લા વોટસએપ ગૃપ દ્વારા ખનિજ માફિયાઓ દ્વારા સરકારી અધિકારીઓના વાહનોના લોકેશન ટ્રેસ જાસુસીકાંડ ખુલી જતાં ગૃપ એડમીન અને વોટસએપ ગૃપના મેમ્બર્સમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. સરકારી અધિકારીઓના સરકારી વાહનોના લોકેશન ટ્રેસ કરી વોટસએપના ગૃપમાં મુકતા હોય તેવા ગૃપના તમામ મેમ્બર્સ લેફ્ટ થવા માંડયા છે. તેમજ કેટલાક ગૃપ એડમીન દ્વારા પોતે તમામ મેમ્બર્સને રીમૂવ કરી ગૃપ બંધ કરવા માંડયા છે. આ બાબતે પ્રાંત અધિકારી દ્વારા આવા તમામ વોટસએપ ગૃપના એડમીન તથા તેમા રહેલા મેમ્બર્સ સામે મોબાઈલ નંબરના આધારે કાર્યવાહી ફોન નંબરના આધારે ત્રણ ઈસમોની અટકાયત કરાઈ છે અને પકડાયેલ ઈસમોના મોબાઈલ ફોન કબ્જે લઈ અન્ય સંડોવાયેલ ઈસમોની તપાસ હાથ ધરી છે.

## ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનમાં મુસાફરોની સામાનની ચોરી કરતાં પકડાયેલ આરોપીના જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ૧ નવેમ્બરના રોજ જયપુર-બાન્દ્રા ટ્રેનન ચાર ઈસમો ચડી ગયેલ અને કોચ નં.બી/૦૪ માંથી ચાર આરોપીઓ બે લેડીઝ પર્સ ચોરી ભાગવા જતા આરોપી મોહસીન સુલેમાન મીઠી પકડાયેલ ગયો હતો. રેલ્વે પોલીસના ચોરીના ગુનાના આરોપીને કોર્ટમાં જામીન અરજી કરતાં ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ દ્વારા જામીન અરજી રદ કરવામાં આવી છે.

ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે તા.૧ નવેમ્બર ૨૦૨૩ના રોજ રાત્રીના ૨.૧૫ વાગે જયપુર-બાન્દ્રા ટ્રેનના કોચ નં. બી/૦૪માં બેસીને વડોદરા આવતા હતા. ત્યારે ગોધરા સ્ટેશન પાસે ગાડી ઉભી રહેતી હતી. ત્યાર ઝાડીઓમાંથી ચાર ઈસમો ટ્રેનના કોચ નં. બી/૦૪માં ચડી ગયેલ હતા અને આરોપી મોહસીન સુલેમાન મીઢી (રહે. ગોયા મહોલ્લા, ગોધરા) બે લેડીઝ પર્સ ચોરી ભાગવા જતા પકડાઈ ગયો હતો. ત્યારે ત્રણ ઈસમો નાશી છુટીયા હતા. આ બાબતે ગોધરા રેલ્વે પોલીસ દ્વારા ઈ.પી.કો. કલમ ૩૭૯-એ(૩)૧૧૪ મુજબ ગુનો નોંધી આરોપીઓની તપાસ હાથ ધરી હતી. ચોરમાં પકડાયેલ આરોપી મોહસીન સુલેમાન મીઢી કોર્ટમાં જામીન અરજી કરાઈ હતી. ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ સેશન્સી જજની કોર્ટમાં રેગ્યુલર જામીન માટે કરેલ અરજી કોર્ટમાં ચાલતાં સરકારી વકીલ રાકેશ.એસ.ઠાકોરની દલીલોને ધ્યાનમાં લઈ આરોપીની જામીન અરજી નામંજુર કરાઈ હતી.

## જાંબુઘોડા-પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંકના કર્મચારીએ અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડરના ખાતા માંથી ૩૦ હજાર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લેતાં ફરિયાદ

જાંબુઘોડા,

જાંબુઘોડા ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક શાખામાં ફરજ બજાવતા કર્મીએ તા.૧૫/૦૭/૨૦૨૩ના રોજ બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડરના એકાઉન્ટ માંથી ૩૦,૦૦૦/-રૂપીયા પોતાના પંચમહાલ ડીસ્ટ્રીકટ બેંકના એકાઉન્ટ કરી વિશ્વાસઘાત કરી ગુનો કરતાં આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગત મુજબ જાંબુઘોડા ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક શાખામાં ફરજ બજાવતા આરોપી અનિલભા ઈ બળવંતભાઈ બારીયા (રહે. ન્યુ પંચવટી સોસાયટી,આઈ.ટી.આઈ. પાછળ ગોધરા) રહેતા હોય અને જાંબુઘોડા ખાતે પંચમહાલ ડીસ્ટ્રીકટ બેંકની ફરજ દરમિયાન તા.૧૫/૦૭/૨૦૨૩નારોજ બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડર શકરીબેન માયસિંહભાઈ પટેલના એકાઉન્ટ માંથી રૂપીયા ૩૦,૦૦૦/-રૂપીયા પોતાના પી.ડી.સી.ના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા અને ગ્રાહકોનું હિત જાળવવાની કાયદેસર ફરજથી બંધાયેલા હોવા છતાં ગ્રાહક તથા બેંક સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરતાં આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## પંચમહાલ જીલ્લાની પાનમ યોજના વર્તુળ તથા ફોરેસ્ટ વિભાગના બે કામદારોને નિવૃત્તિના લાભો આપવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે દ્વારા આખરી ચુકાદો

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા મુકામે આવેલ પાનમ યોજના વર્તુળ અધિક્ષક વર્તુળની કચેરીના તાબા હેઠળ ચાલતી નાયબ કાર્યપાલક ઈજનેર પાનમ સિંચાઈ પેટા નંબર-૩ માં વર્ષ ૧૯૮૩ રોજમદાર તરીકેની ભગવાન સિંહ ઉદેસિંહ ફરજ માં હાજર થયા હતા. તે કચેરી બંધ થતાં અરજદારને તેમની સળંગ નોકરી ગણી તે કચેરીનો તમામ હવાલો હાલ નાયબ કાર્યપાલક પાનમ સિંચાઈ પેટા વિભાગ નંબર ૪ ને સુપ્રત કરવામાં આવેલ તે અરસા દરમિયાન અરજદારની નિવૃત્તિની વય મર્યાદા પૂર્ણ થતા તારીખ૩૧/૭/૧૪ ના રોજ નિવૃત્ત કરવામાં આવેલ નિવૃત્તિ બાદ તેઓને નિયમો અનુસાર ગ્રેજ્યુટી પેન્શન રજાઓ અને બાકી નીકળતા અન્ય ભથ્થાઓ ચૂકવવાની જોગવાઈ હોવા છતાં તેઓને આવા કોઈ લાભો આપવામાં આવેલ ન હતા તે મુજબ ફોરેસ્ટ વિભાગમાં પરિ ક્ષેત્રમાં વન અધિકારી ગોધરા પૂર્વ નોર્મલ જીલ્લો પંચમહાલમાં તારીખ ૧/૧/૬૮ થી રોજમદાર ચોકીદાર તરીકે ફરજ બજાવતા બનાભાઈ કાળુભાઈ પરમારને તારીખ તારીખ ૩૧/૧૦/૧૦ ના રોજ નિવૃત કરેલ નિવૃત્તિ સમયે કોઈ પણ લાભો આપવામાં આવેલ ન હતા. તે બાબતે બંને અરજદારોએ ખાતાના વડા અધિકારીઓને વારંવાર નિવૃત્તિના લાભો આપવા બાબતે રજૂઆતો કરે તે અરસા દરમિયાન પરંતુ તે અંગે કોઈ ધ્યાનના દોરતા બંને કામદારો ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ રૂબરૂમાં મળી એમને થયેલા બાબતે રજૂઆતો કરેલ ત્યારબાદ ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસસીએ નંબર૧૫૫૧૩/૨૦ તથા એસ સી એ૧૮૭૩૦/૨૩ દાખલ કરેલ પરંતુ તે અરસા દરમિયાન અરજદાર ભગવાનસિંહનું તારીખ ૨૬/૨/૨૨ અકાળે અવસાન થઈ જતા તેમના વારસ તરીકે ગુજરનારના વારસ પત્ની ઈન્દુબેન બી. ઠાકોરને તેમના વારસ તરીકે આ કામે જોડેલ જે કામે ફેડરેશનના અને અરજદારના એડવોકેટ દીપક.આર. દવે આ કામે હાજર થઈ કેસમાં પડેલા પુરાવા આધારિત દલીલો કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નિખિલ એસ. કારીયેલ દ્વારા બંને કામદારોને નિવૃત્તિની તારીખથી પેન્શન તફાવત બાકી નીકળતી ગ્રેજ્યુટી રજાઓ અને ગુજરનારના પત્ની ઈન્દુબેનને ફેમિલી પેન્શન ચૂકવવા બાબતનો પણ આખરી હુકમ થતા સિંચાઈ અને ફોરેસ્ટ વિભાગના કામદારો તથા અરજદારોના પરિવારમાં આનંદ છવાયો.

## ઘોઘંબા નાલંદા વિદ્યાલયની મુલાકાત લેતાં શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

નાલંદા વિદ્યાલય ઘોઘંબામાં ગુજરાતના શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર તથા ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જયદ્રથસિંહ પરમારએ શાળાની ઓચિંતી મુલાકાત લીધી. શિક્ષણ મંત્રીએ શાળાની સ્વચ્છતા, કાર્ય પ્રણાલી અને શાળા કેમ્પસની પ્રશંસા કરી વધુમાં ધારાસભ્ય જયદ્રથસિંહએ નાલંદા વિદ્યાલયના સંચાલક સહેલી સેવા ટ્રસ્ટની શૈક્ષણિક સેવા ઉપરાંત સમાજસેવાના કાર્યોને બિરદાવ્યા.

## ઘોઘંબાના ગોદલી ગામે આરોપીઓ અમને પુછયા વગર જમીન કેમ લીધી કહી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

ઘોઘંબા,

ઘોંઘબા તાલુકાના ગોદલી ગામે રહેતા આરોપી ઈસમોએ ગાળો આપી તારી પાસે કેટલા પૈસા છે અમને પુછયા વર જમીન કેમ લીધી તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ નજીક દુકાન ચલાવતા મહિલાને મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ગોદલી ગામે રહેતા મેઘાભાઈ ભીખાભાઈ રાઠવા પોતાની દુકાન ઉપર હાજર હતા. ત્યારે આરોપી ભારતભાઈ કદવાભાઈ હરીજન, જમનાબેન આવ્યા હતા અને ગાળો આપીને તારી પાસે કેટલા પૈસા છે. અમને પુછયા વગર જમીન કેમ લીધી તેમ કહી મારી નાખવાની ધમકી આપી હતી અને નજીક દુકાન ચલાવતા મણીબેન વેચાતભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ-ગોધરા બાયપાસ ફોર વ્હીલ-બાઈક અને અકસ્માતમાં યુવતિનું સારવાર દરમિયાન મોત

ગોધરા,

હાલોલ-ગોધરા બાયપાસ રોડ ઉપર અતિથી હોટલ સામે ફોરવ્હીલ ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક ઉપર પસાર થતાં ૧૩ વર્ષીય યુવતિ અને ૭ વર્ષીય બાળકને ઈજાઓ થતાં સારવાર માટે હાલોલ રેફરલ અને વધુ સારવાર માટે વડોદરા દાખલ કરતા સારવાર દરમિયાન યુવતિનું મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ-વડોદરા બાયપાસ હાઈવે રોડ ઉપર આવેલ અતિથી હોટલ પાસેથી પસાર થતી ફોર વ્હીલ નં. જીજે.૦૬.પીએલ.૫૧૫૨ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી વિનોદભાઈ માલીવાડ બાઈક નં.જીજે.૧૭.કયુ.જી.૭૯૯૫ને અડફેટમાં લેતાં બાઈક ચાલક તથા પાછળ બેઠેલ સેજલબેન માલીવાડ ઉ.વ.૧૩ અને શીવરાજ માલીવાડ ઉ.વ.૭ બાઈક રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા. સેજલબેનને માથાના ભાગે અને પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હાલોલ રેફરલ અને વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડવામાં આવેલ જયાં દવા સારવાર દરમિયાન સેજલબેનનું મોત નિપજાવા પામ્યું. જયારે ૭ વર્ષીય શીવરાજને નાની મોટી ઈજાઓ કરી વાહન ચાલક નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

## ગોધરા-અમદાવાદ હાઈવે દરૂણીયા સામલી ચોકડી પાસે પાર્કિંગ લાઈટ વગર ઉભા રાખેલ ટ્રેલરની પાછળ ટ્રક અથડાતા ચાલકનું મોત

ગોધરા,

ગોધરા-અમદાવાદ હાઈવે રોડ દરૂણીયા સામલી ચોકડીથી થોડે દુર મોડી સાંજે ૭ વાગ્યાના અંધારાના સમયે ટ્રેલર ચાલકે પાર્કિંગ લાઈટ ચાલુ રાખ્યા વગર તેમજ રીલકેટર લગાવ્યા વગર ટ્રેલર ઉભું રાખતા રોડ ઉપર આવતી ટ્રક પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ જતાં ટ્રક ચાલકનું મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા-અમદાવાદ હાઈવે રોડ ઉપર દરૂણીયા સામલી ચોકડી થોડે દુર ટ્રેલર નં. આર.જે.૬.જીબી.૭૬૩૭ ચાલકે રોડ ઉપર પાર્કિંગ લાઈટ કે રીલકેટર લગાવ્યા વગર રોડ ઉપર ઉભી રાખેલ હોય રાત્રીના ૭ વાગ્યાના અંધારાના સમયે રોડ ઉપરથી આવતી ટ્રક નં.જીજે.૨૫.યુ.૭૪૯૨ના ચાલકને રોડ ઉપર ઉભેલ ટ્રેલરનો ખ્યાલ નહિ આવતાં ટ્રેલરની પાછળ ટ્રક ધડાકાભેર અથડાઈ જતાં ટ્રક ચાલક પ્રતાપસિંગને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું હતું. આ બાતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ આપ પાર્ટીના ભરત રાઠવા ભાજપમાં જોડાયા



હાલોલ,

હાલોલ વિધાનસભાના આમ આદમી પાર્ટી ના ઉમેદવાર ભરત રાઠવા ભાજપમાં જોડાયા ગુજરાત સરકારના કેબીનેટ અને શિક્ષણ મંત્રી કુબેરે ઠીડોરના હસ્તે ઘોઘંબાના ઝોઝ મુકામે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

ભરત રાઠવા હાલોલ વિધાનસભામાં ૨૦૨૨માં ૨૩,૮૦૦ મત મેળવ્યા હતા. ૧૫૦ વર્ષ જુની પાર્ટી કોગ્રેસના ઉમેદવારને ૫,૦૦૦ વોટ મેળવીને સંતોષ માન્યો હતો. કોગ્રેસને પછડાટ આપનાર ભરત રાઠવાને ૨૩,૮૦૦ જેટલા વોટ મેળવ્યા હતા.

## દે.બારીયા પોલીસ મથકના પ્રોહિબીશનના ગુન્હાના વોન્ટેડને પાવાગઢ બસ સ્ટેન્ડની SOGએ ઝડપ્યો

પાવાગઢ,

દે.બારીયા પોલીસ મથકના પ્રોહિબીશન એકટના ગુનામાં વોન્ટેડ આરોપી પાવાગઢ ખાતે ઉભો છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી.પોલીસે ઝડપી પાડી પાવાગઢ પોલીસને સોંપવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ દે.બારીયા પોલીસ મથકના પ્રોહિબીશનના એકટના ગુનામાં આરોપી મનુ રમણભાઈ રાઠવા (રહે. જબાણ,જાંબુઘોડા) વોન્ટેડ નાસતો ફરતો હોય આરોપી અંગે ગોધરા એસ.ઓ,જી. પોલીસને બાતમી મળી હતી કે આરોપી પાવાગઢ બસ સ્ટેશન પાસે ઉભો છે. તેવી બાતમીના આધારે આરોપીને ઝડપી પાડી પાવાગઢ પોલીસને સોંપવામાં આવ્યો.

### નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ટુંકી મુદતની જાહેર નિવિદા નં.“૦૨!“ સને ૨૦૨૩-૨૪ ગુજરાત સરકાર

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ બંધ પેટા વિભાગ, પાનમ બંધ, મુ.કોઠા, તા.શહેરા- પીન. નં.-૩૮૯૨૧૦ જી.પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૦)-૨૨૧૨૯૩ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી બિલ્ડીંગ વર્કના ૧(એક) કામ માટે ઓફલાઈન ટેન્ડર બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૨.૩૯ લાખ છે. સદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન, ચાલુ નાણાંકીય વર્ષ-૨૦૨૩ ની બેંક સોલવન્સી, પાનકાર્ડ તેમજ અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડરની નકલ તા.૨૬/૧૨/૨૦૨૩. ૧૨-૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૦૪/૦૧/૨૦૨૪ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી.પોસ્ટ એડી./સ્પીડ પોસ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શકય હશે તો તા.૦૫/૦૧/૨૦૨૪ ના ૧૨.૦૦ કલાકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાની સત્તા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/ગોધરા/૬૯૯/૨૦૨૩

### મે.મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં, મુ.ગોધરા

**અરજદારઃ- મોહંમદ મુર્તુજા પઠાણ**
રહે. બાદશાહ બાવાની ટેકરી ઉપર મુ.પો.ગોધરા, જી.પંચમહાલ.
વિરૂધ્ધ
**સામાવાળાઃ- જન્મ-મરણ રજિસ્ટ્રાર, ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકા, ગોધરા**
-:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી થી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી **મોહંમદ મુર્તુજા પઠાણ** રહે.બાદશાહ બાવાની ટેકરી ઉપર, મુ.પો.તા.ગોધરા, જિ.પંચમહાલએ તેઓના પિતા નામે **“મુર્તુજાખાન સિદ્દીક પઠાણ”**નો મરણ તા. ૧૧/૧૨/૧૯૯૧ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પિતા નામે **“મુર્તુજાખાન સિદ્દીક પઠાણ”**નો મરણ તા.૧૧/૧૨/૧૯૯૧ની મરણની નોંધ સામાવાળા જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે મરણની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૧૪/૧૨/૨૦૨૩નાં રોજ સવારે ૧૨:૦૦ કલાકે લેખિતમાં પોતાનાં વાંધા-તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની વાંધા આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તારીખ : ૧૪/૧૨/૨૦૨૩નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
(એસ.બી. નાયક)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોધરા(શહેર)